# જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭(૧) અન્વયે**

નં.વિશા/એ સેકશન/પરમીટ/૩૯/૨૦૧૯
પોલીસ કમિશ્નરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.
તા.૫/૦૪/૨૦૧૯

ભારતના ચુંટણીપંચ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે અને તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ ૩૨૪ હેઠળ મળેલ સતાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/એલએન્ડઓ/પીએલએન-૧ તા.૧૩.૦૩.૯૬ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન **પરવાનેદાર વ્યકિતએ શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા ઉપર નિયત્રંણ** રાખવાની જરૂર છે.

ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચુંટણી તંત્ર પ્રયત્નશીલ છે. તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ કે સલામતીને થતુ જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર,અમદાવાદ શહેર ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭(૧) મુજબથી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હુકમતમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર સાથે લઈ જઈ કે ફેરવી શકશે નહી.

<u>આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.</u>

(૧) સરકારી નોકરી ઉપર પોતાની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથીયાર લઈ જવાની ફરજ હોય.
(૨) બેંકોની સુરક્ષામાં તૈનાત હથીયારધારી ગાર્ડ અથવા બેંકોની કેશની હેરફેર માટે તૈનાત ગાર્ડ.
(૩) ખાનગી સિક્યુરિટી ગાર્ડની ફરજ બજાવતા ઈસમો જેમને હથિયાર જમા કરાવામાં માંથી મુક્તિ આપવામાં આવેલ હોય.
(૪) હથિયાર શુટીંગના ખેલાડીઓ જેમને હથીયાર જમાં કરાવવા માંથી મુક્તિ આપવામાં આવેલ હોય.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ ફરમાન હુકમ તારીખ તા.૦૯.૦૪.૨૦૧૯ કલાક ૦૦.૦૦ થી તા.૨૩.૦૪.૨૦૧૯ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુક્મ સમગ્ર અમદાવાદ શહેર વિસ્તારને લાગુ પડશે.

આજ તારીખ-૫/૦૪/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.